"સ્વચ્છતા અભિયાન અને પ્લાસ્ટિક મુક્ત કેમ્પસ" નો વિસ્તૃત અહેવાલ (10/08/2026)

શ્રીમતી એ. વી. ડી. એસ. આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, જામજોધપુર ખાતે તાજેતરમાં "સ્વચ્છતા અભિયાન અને પ્લાસ્ટિક મુક્ત કેમ્પસ" અંતર્ગત વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કોલેજના આચાર્યશ્રી ડો. અલ્કેશ વાછાણીના માર્ગદર્શન હેઠળ અને સંયોજકશ્રી તથા NSS અધિકારીશ્રી ડો. અનિલ હોથીના નેતૃત્વમાં સ્વચ્છતા અભિયાનની પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી હતી. આ સ્વચ્છતા ઝુંબેશમાં ઉત્સાહભેર ભાગ લેનાર કુલ ૪૨ વિદ્યાર્થીઓ સહિત હાજર રહેલાં તમામ ૮૨ વિદ્યાર્થીઓની ઉપસ્થિતિમાં આ સમગ્ર આયોજન સફળતાપૂર્વક સંપન્ન થયું હતું.

આ આયોજન દરમિયાન એન.એસ.એસ. (NSS) ના વિદ્યાર્થીઓ દ્વારા કોલેજ કેમ્પસની સંપૂર્ણ સાફ-સફાઈ કરવામાં આવી હતી. આ સફાઈ અભિયાનની સાથે-સાથે સમગ્ર કેમ્પસને પ્લાસ્ટિક મુક્ત બનાવવા માટે વિશેષ પ્રયાસો હાથ ધરવામાં આવ્યા હતા, જેમાં કચરો એકત્ર કરીને કેમ્પસને સ્વચ્છ કરવામાં આવ્યું. કાર્યના અંતે ઉપસ્થિત તમામ વિદ્યાર્થીઓએ ભવિષ્યમાં પણ કોલેજ કેમ્પસને પ્લાસ્ટિક મુક્ત અને સ્વચ્છ જાળવી રાખવા માટેની દ્રઢ બાંહેધરી આપી હતી. એન.એસ.એસ. (NSS) ના સ્વયંસેવકોએ આ કાર્યક્રમને સફળ બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. અંતમાં, કૉલેજ ના ટ્રષ્ટી શ્રી રમેશભાઈ કાલરીયા દ્વારા કર્યક્રમ ને બિરદાવમાં આવ્યો હતો.

Detailed Report of "Cleanliness Campaign and Plastic-Free Campus" (10/08/2026)

A special program was recently organized at Mrs. A. V. D. S. Arts and Commerce College, Jamjodhpur under the "Cleanliness Campaign and Plastic-Free Campus". In this program, the cleanliness campaign activity was carried out under the guidance of the Principal of the college, Dr. Alkesh Vachhani and under the leadership of the Coordinator and NSS Officer, Dr. Anil Hothi. The entire program was successfully completed in the presence of all 82 students present, including a total of 42 students who enthusiastically participated in this cleanliness campaign.

During this program, the college campus was completely cleaned by the NSS students. Along with this cleaning campaign, special efforts were made to make the entire campus plastic-free, in which the campus was cleaned by collecting garbage. At the end of the function, all the students present gave a firm commitment to keep the college campus plastic free and clean in the future as well. NSS volunteers played an important role in making this program a success. In the end, the work was appreciated by the college trustee Shri Rameshbhai Kalaria.

Photos of Cleanliness Campaign









News and Press Release of Cleanliness Campaign

એ.વી.ડી.એસ.કોલેજ,જામજોધપુર દ્વારા વિકાસ સપ્તાહ અને સ્વચ્છતા પખવાડિયાની ઉજવણી



(જીલ વ્યાસ દ્વારા) જામજોધપુર, તા.૨૧: વિકાસ સપ્તાહ અને સ્વચ્છતા પખવાડિયા અંતર્ગત પર્યાવરણ સરક્ષણ ને અનુસંધાને વૃક્ષારોપણનુ કેમ્પસમાં તથા સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતતા કેળવાય એ હેતુથી ટી.બી. જાગૃતતાના પ્રોગ્રામનું સ્વચ્છતા હી સેવા ના ઉદ્દેશ્યને સાર્થક કરવાના હેતુથી કેમ્પસને પ્લાસ્ટિક મુક્ત બનાવવામાં આવ્યું હતું સાથે સાથે "હર ઘર તિરંગા યાત્રા" નું પણ આયોજન અને વિવિધ સ્પર્ધાઓ જેવીકે રંગોળી, ચિત્ર, કોલાજ, કાર્ટૂનિંગ, મહેંદી જેવી વિવિધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું

દેશમાં રાષ્ટ્રીય ભાવના અને દેશભક્તિના પ્રસાર માટે "હર ઘર તિરંગા" અભિયાન અંતર્ગત એ. વી. ડી. એસ. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, જામજોધપુર ના એન.એસ.એસ.(NSS) વિભાગ દ્વારા તિરંગા રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

કોલેજના ટ્રસ્ટના પ્રમુખશ્રી રમેશભાઈ કાલરીયા દ્વારા શુભારંભ કરાવવામાં આવ્યો હતો. કોલેજના આચાર્યશ્રી ડો. અલ્કેશ વાછાણીના અધ્યક્ષ સ્થાને આ સમગ્ર આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલીમાં વિભાગના પ્રોગ્રામ ઓફિસર ડો. અનિલ હોબી દ્વારા રેલીનું સચોટ અને સફળ સંચાલન કરવામાં આવ્યું હતું. (૩.૮)

કોલેજનો શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સ્ટાફ, એન.એસ.એસ. વિભાગના સ્વયંસેવકો તેમજ કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી ભાઈ-બહેનો ઉત્સાહભેર જોડાયા હતા. વિદ્યાર્થીઓ દ્વારા હાથમાં રાષ્ટ્રધ્વજ તિરંગો લઈને "વંદે માતરમ" અને "ભારત માતા કી જય" ના નારાઓ સાથે સમગ્ર જામજોધપુર શહેરનું વાતાવરણ દેશભક્તિના રંગે રંગાઈ ગયું હતું.

આ રેલીનો મુખ્ય ઉદ્દેશ્ય નાગરિકોમાં રાષ્ટ્રધ્વજ પ્રત્યે આદરભાવ જગાડવાનો અને "હર ઘર તિરંગા" અભિયાન વિશે જાગૃતિ કેળવવાનો હતો. જે સૌના સહયોગથી અત્યંત સફળ રહ્યો હતો. રેલીના અંત રાષ્ટ્રગીત ગાઈને કાર્યક્રમની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી. એન.એસ.એસ.

એ.વી.ડી.એસ. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ દ્વારા
જામજોધપુરમાં વિકાસ સપ્તાહ અને સ્વચ્છતા પખવાડિયાની ભવ્ય ઉજવણી કરવામાં આવી..



જામનગર તા.૨૨

વિકાસ સપ્તાહ અને સ્વચ્છતા પખવાડિયા અંતર્ગત પર્યાવરણ સરક્ષણ ને અનુસંધાને તારીખ ૦૭/૦૮/૨૦૨૨ ના રોજ વૃક્ષારોપણનુ કેમ્પસમાં આયોજન કરવામાં આવેલું હતું તથા સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતતા કેળવાય એ હેતુથી ટી.બી. જાગૃતતાના પ્રોગ્રામનું પણ આયોજન કરવામાં આવેલું હતું તથા તા.૧૭/૦૮/૨૦૨૨ ના રોજ સ્વચ્છતા હી સેવા ના ઉદ્દેશ્યને સાર્થક કરવાના હેતુથી કેમ્પસને પ્લાસ્ટિક મુક્ત બનાવવામાં આવેલું હતું સાથે સાથે તા. ૧૨/૦૮/૨૦૨૨ ના રોજ 'હર ઘર તિરંગા યાત્રા' નું પણ આયોજન કરવામાં આવેલું હતું અને તા. ૧૪/૦૮/૨૦૨૨ ના રોજ વિવિધ સ્પર્ધાઓ જેવીકે રંગોળી, ચિત્ર, કોલાજ, કાર્ટૂનિંગ, મહેંદી જેવી વિવિધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલું હતું

દેશમાં રાષ્ટ્રીય ભાવના અને દેશભક્તિના પ્રસાર માટે 'હર ઘર તિરંગા' અભિયાન અંતર્ગત તારીખ ૧૨/૦૮/૨૦૨૨ ના રોજએ. વી. ડી. એસ. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, જામજોધપુર ના એન.એસ.એસ. વિભાગ દ્વારા હર તિરંગા રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

કોલેજના ટ્રસ્ટના પ્રમુખશ્રી રમેશભાઈ કાલરીયા દ્વારા આજા આપીને રેલીનો શુભારંભ કરાવવામાં આવ્યો હતો. કોલેજના આચાર્યશ્રી ડો. અલ્કેશ વાછાણી આઈક્યના અધ્યક્ષ સ્થાને આ સમગ્ર આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલીમાં કોલેજનો શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક સ્ટાફ, એન.એસ.એસ. વિભાગના સ્વયંસેવકો તેમજ કોલેજમાં અભ્યાસ કરતા મોટી સંખ્યામાં વિદ્યાર્થી ભાઈ-બહેનો ઉત્સાહભેર જોડાયા હતા. વિદ્યાર્થીઓ દ્વારા હાથમાં રાષ્ટ્રધ્વજ તિરંગો લઈને 'વંદે માતરમ' અને 'ભારત માતા કી જય' ના નારાઓ સાથે સમગ્ર જામજોધપુર શહેરનું વાતાવરણ દેશભક્તિના રંગે રંગાઈ ગયું હતું.

આ રેલીનો મુખ્ય ઉદ્દેશ્ય નાગરિકોમાં રાષ્ટ્રધ્વજ પ્રત્યે આદરભાવ જગાડવાનો અને 'હર ઘર તિરંગા' અભિયાન વિશે જાગૃતિ કેળવવાનો હતો. જે સૌના સહયોગથી અત્યંત સફળ રહ્યો હતો. રેલીના અંતે રાષ્ટ્રગીત ગાઈને કાર્યક્રમની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી. એન.એસ.એસ. વિભાગના પ્રોગ્રામ ઓફિસર ડો. અનિલ હોબી દ્વારા રેલીનું સચોટ અને સફળ સંચાલન કરવામાં આવ્યું હતું.